॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ श्री पुष्टिमार्गीय ॥

महाप्रभुजी जयंती

महोत्सव.

याने

धर्म, अर्थ, काम अने मोक्ष सुचक.

તૈયાર કરી છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. ચુનીલાલ બાપુજી

ગણેશપોળ—નડીઆદ

આવૃત્તિ ૧ લી.—પ્રત ૧૦૦૦.

સને ૧૯૧૫—સંવત ૧૯૭૧.

તારાચંદના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય

પ્રેસમાં શા. ચુનીલાલ અમ[illegible] છાપ્યા

અમદાવાદ.

મૂલ્ય રૂ ૦-૧-૦.

શ્રી ૨



શ્રી કૃષ્ણાય નમઃ

શ્રી ગોપીજન વલ્લભાય નમઃ

श्री पुष्टिमार्गीय

महा प्रभुजी जयंती महोत्सव.

याने

धर्म, अर्थ, काम अने मोक्ष सुचक.

નડીઆદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

વલ્લભાબ્દ ૪૩૭ સન ૧૯૧૫.

પ્રથમ વૈશાખ કૃષ્ણ પક્ષ એકાદશી વિક્રમાબ્દ ૧૯૭૧.

મૂલ્ય રૂ ૦-૨-૦

વિજ્ઞપ્તિ.

જે કોઇ ઉદાર ગૃહસ્થ આ પુસ્તકનો ઇંગ્રેજીમાં, મરાઠીમાં, ઉરદુ–ને બંગાળીમા તરજુમો કરી મોકલશે તેનો સવિનય ઉપકાર માનવામા આવશે ને પુસ્તક બહાર પાડતી વખતે તેનુ નામ પુસ્તક સાથે અમર કરવામાં આવશે

પ્રકાશક.

અમૂલ્ય લાભ.

સંસાર સુધારા શતક બહાર પાડવાનુ છે. જે ગૃહસ્થો આગળથી ગ્રાહક થશે તેમની પાસેથી રૂ ૦–૮–૦ લેવામા આવશે ને પાછળથી રૂ. ૧–૪–૦ લેવામા આવશે

નીચે પ્રમાણે ગ્રાહક થનારનું નામ પુસ્તક સાથે પ્રસિદ્ધ કરવામાં આવશે.

ગ્રાહક થનારનુ નામ, ઠેકાણુ, કેટલી નકલો જોઇએછે તે–

પ્રકાશક

સમર્પણ.

નિત્ય સદાનદ સ્વરૂપ પૂર્ણ પુરૂષોત્તમ મુખાવિ દાત્મવતાર શુદ્ધાદ્વૈત સિદ્ધાંતસ્થાપક પુષ્ટિમાર્ગોત્પાદક વિગેરે વિગેરે ભૂષણોથી ભૂષીતને આપનાજ જન્મ મહોત્સવને દીને કરેલા આપના ગુણગાનગ્રથિત 'કુસુમમાળા' આપનાજ કઠમાં આરોપણ કરી આનંદિત થાઉં છું, તેને યોગ્ય અન્ય હોયજ નહિ.

પ્રકાશકના બે બોલ.

આ લઘુ પુસ્તકને બે શબ્દ પ્રસ્તાવના તરીકે લખવા ઉચિત ધારી લખુછુ. મારૂ ખાનગી કામ પ્રસગે રજા ઉપર વતનમા આવવુ થએથી સવત ૧૯૭૧ના ચૈત્ર વદ. ૧૧ ને દિને શ્રી સાત સ્વરૂપની હવેલીમા પ્રખ્યાત દેસાઇજી ફમીલીના સરદાર દા. સાહેબ ઉર્ફે પુરસોતમદાસ વિહારીદાસના અધ્યક્ષપણા નીચે શ્રી મહા પ્રભુજી જયતિના ઉત્સવમા જવા માટે સાજના ચાર વાગે સર્વ જનોને એકઠા થવાની આમત્રણ પત્રિકા મળી· તે ઉપરથી હુ પણ ત્યા ગયો; ને ત્યા ધાર્મિક જે સવાદ હરીકિર્તન તથા વક્તાઓના ભાષણો થયા તથા મને પણ બે બોલ બોલવાનુ મન થઇ આવ્યુ, તે પ્રમાણે બોલ્યો આ માગલિક પ્રસગે જે હકીકત નજરે જોઇને મારા ઉપર સારી છાપ પડી, તે ઉપરથી ઘેર આવ્યા પછી મારા મનમા એમ સકલ્પ થયો કે આ શુભ પ્રસંગ નો હેવાલ બહાર પાડવામા આવે તો તે વધારે લાભકારી છે એટલુજ નહિ પણ ગામના પ્રતિષ્ઠિત માણસ સાથે વાતચિત થતાં મારા આ સકલ્પને દઢ ટેકો મળ્યો અને તે કામ સત્વર કરવા આગ્રહ કર્યો તેથી તેમનો સવિનય આભાર માની કૃતાર્થ થાઉછુ. આશ્રય આપનાર સદ્‌ગૃહ થોના નામ હવે પછી પ્રગટ કરવામાં આવશે.

નડિઆદ નિવાસી ગણેશપોળ વાળા
ચુનિલાલ બાપુજી શાહ.

ધોળ

૯૦— જીવન સફળ થયુ મારૂ રા......જ.

જીવન સફળ થયુ મારૂ

પ્રેમે આચાર્યને નામુ રા .. જ. ૧

આચાર્યદ્વારા નામ નિવેદને,

જીવન કૃતારથ મારૂ,

પ્રેમે વ દુ ત ર પાદાંબુજને,

શ્રી વલ્લભ કૃપાળુ રા .. ..જ ૨

માધવ માસમા પ્રકટ થઇને,

અનેક જીવ ઉદ્ધાર્યા,

' શ્રી શ્રી કૃ ણુ " સાર કરીને,

માયાવાદોને નિવાર્યા રા .. .જ. ૩

૯૧— શુ કહુ સુખની મારી વાત,

શુ કહુ સુખની મારી,

હુતો કૃ શુ જનમથી આનદ પામી રા .... જ. ૪

મથુરા નગરીમા જન્મ ધરીને,

ગોકુલ આવ્યા નાસી,

ગોકુલ નગરીમા રહીને મોરારી,

મારી છે પુતના નાસી રા......જ ૫

ઇંદ્રતણ પ્રભુ માન મુકાવા,

કરમાં ગિરિવર ધારી,

નહ્વાવાને ઘેર રહીને,

ગોકુલની ગાયે ચારી રા .....જ, ૬

ધ્રુ અમરીષ ને પ્રહલાદ વિભિષણ

એવા ભક્તો તમે તાર્યા,

પાચ વરસના બાળ ધ્રુવને,
ભવસાગર ઉતાર્યા રા..... જ. ७

(રાગ ધીરાના પદનો.)

પરમાર્થ કરવાનોરે, અવસર આવો આવે નહિ;
રંક ઘણા રઝળેરે, અન્ન વિના અહીં તહી. ટેક.
જીન્દગાનીમા રળી રળી બહુ એકઠા કીધા દામ,
આવે સમે પરમાર્થ માહી, વાપર્યા નહિ તો નકામ;
મુઆ તેની સાથેરે, કહોને લક્ષ્મી કો'ની ગઈ. પરમાર્થ.
શ્રીમંત થઈ તમે સુખે જમો છો, રૂડી રસોઇ નિત્ય,
મોજમઝામા મણા ન રાખો, ખર્ચીને ધન ખચીત,
ઉણપ નવ આવેરે, કાળ પડેલ તોએ કાઇ. પરમાર્થ.
ભૂખ્યાને અન્ન આપી સતોષો, વસ્ત્ર વિનાનાં ને વસ્ત્ર·
સર્વ શ્રેષ્ઠ વિદ્યાદાન દેશો તે, ફળશે વાર સહસ્ત્ર;
લાભ આ લેવાનોરે, આવ્યો અવસર ભુલશો નહિ. પરમાર્થ
ગમે તેમ સમજીને મનમાં, કર પરમારથ પ્રીત;
મુઆ મગાતે એજ આવશે, નહિ આવે વ્હાલા કે વિત્ત;
જરૂર જેસગેરે, શીખ આતો અમુલ્ય કહી પરમાર્થ

દુહો

જડ ચૈતન્ય ગુણ દોષનય, વિશ્વ કીન કિરતાર,
સત હસ ગુણ ગહ હી પય, પરહરી વારી વિકાર.

(મહાત્મા તુલશીદાસજી)

શ્રી जयन्ती महोत्सव.

નડીયાદ નીવાસી શ્રીયુત રા. ચુનીલાલ બાપુજી શાહે આપેલું ભાષણ.

શ્રી પરમકૃપાળુ પુરૂષોત્તમ ભગવાનને વંદન કરી " ધર્મ '
નો શો અર્થ છે તે વિષે આ શુભ પ્રસંગે બે બોલ કહેવાની
રજા લઉ છું.

" ધર્મ " બે અક્ષરનો ટુંકો પણ રસિલો અને ઉંડા ગુઢાર્થ
ભરેલો શબ્દ છે. સાધારણ વ્યવહારમા ધર્મનો અર્થ ફરજ કરેલો
છે આ ફરજ જુદી જુદી રીતે ઉપયોગમા લઇ શકાય અને ભિન્ન
ભિન્ન વિષયોમા તે ઉપયોગી છે દાખલા તરીકે મા-બાપની
છોકરા પ્રત્યે ઉછેરવાની, પાલણપોષણ કરવાની, તેમને કેળવવાની,
તેમને પરણાવવાની અને તેમને ધંધે લગાડવાની તેમની ફરજ
છે. તેજ પ્રમાણે છોકરાને તેમના માબાપો અને વડીલો તરફ
વર્તવાની ફરજ છે. શિષ્યને ગુરૂની આજ્ઞા પાળી આશિષ મેળ
વવાની ફરજ છે તેમજ ગુરૂએ શિષ્યોને પોતાના બાળક પ્રમાણે
મમતાથી કેળવી એમને ઉંચ સ્થાને ચઢાવવાની ફરજ છે સાસુએ
વહુ તરફ અને વહુએ સાસુ તરફ પોતાની ફરજ બતાવી આપ-
વાની છે. મિત્રે મિત્ર તરફ ફરજ બજાવવાની છે વેપારીએ વેપારી
તરફ અને વિદ્વાને વિદ્વાન તરફ અથવા વધારે ખુલ્લા શબ્દોમા કહીએ
તો દરેક માણસે પોતાના સગાંવહાલા, પાડોશીઓ, સ્નેહીઓ,
જ્ઞાતિબંધુ જનો, ગામ જનો, દેશ જનો, તેમજ મનુષ્યો ઉપર
પોતાની ફરજ બજાવવાની છે. આ ફરજ સૃષ્ટિમાના મનુષ્યો જીવ
તરફ અદા કરવાની છે એટલુંજ નહિ પણ તેમા આવી ગએલી તમામ
બાબતો ઉપર લક્ષ આપી ફરજ બજાવવી એ પવિત્ર ફરજ છે.

સૃષ્ટિમાં મુખ્યત્વે કરી મનુષ્ય પ્રાણી અને વનસ્પાતએ ત્રણ ચેતન પદાર્થો ગણી શકાય છે મનુષ્ય તરફ કલ્યાણાર્થે ફરજ અદા કરી બેસી રહેવાનુ નથી પણ અવાચક પ્રાણીઓના કલ્યાણ તરફ નજર દોડાવવાની છે તેમજ વનસ્પતિ જેમા જીવ છે કેમકે તે નાનેથી મોટુ થાય છે ને સુકાઇ જાય છે તેના તરફ પણ નજર દોડાવી તેમની ઉન્નતિ કરવી એ પણ એકદર નજરે હવે "ધર્મ"ને ધાર્મિક નજરે જોઇએ તો જણાય છે કે શાસ્ત્રનીતિ મહાભારત છે, રામાયણ છે, શ્રુતિ, સ્મૃતિ, ગરૂડપુરાણ, શિવપુરાણ કે વિષ્ણુ પુરાણમા અગર કુરાન, બાઇબલ ગમે તે ધર્મપુસ્તકમા પણ તે-માંથી જણાઈ આવશે કે સત્ય બોલવુ, અનીતિ ન કરવી ને વ્યભીચાર ન કરવો, આટલા સિદ્ધાત મુખ્ય છે આટલુજ જે માણસ કરી શકે તો ગમે તે ધર્મ હોય તો પણ તેણે ધર્મ પાળ્યો છે એમ કહી શકાય. તેથી સમજી શકાશે કે સર્વ ધર્મ કહો પણ ધર્મ તો એકજ છે પણ મતામત કરી ભિન્ન દૃષ્ટિથી જેટલા ધર્મ જુદા ઉત્પન્ન કરીએ તેટલોજ મિથ્યાવાદ છે. પણ વસ્ત સ્થિતિ ધર્મ તો એકજ છે.

આવો જે ધર્મ જે પવિત્ર ફરજ બજાવવાને આપણે બ-ધાયેલા છઇએ તેને આપણે તન, મન અને ધનથી ટેકો આપવો જોઇએ. જે માણસ પાસ ધન ન હોય તેના મનમાં ઓછુ આવે કે મારી પાસે પૈસો હોત તો, ધર્મ કરત પણ એવુ બોલવુ એ કેવળ ફાંફા છે કેમકે પૈસો ન હોય તો જાતે મહેનતથી આપણે ધર્મ કરી શકીએ દાખલા તરીકે કોઇ પ્રવાસી અથવા સતસાધુ આવ્યો હોય તે પાણી માટે ઇચ્છા કરતો હોય તો પાણી લાવી આપવુ એ પણ ધર્મ છે. તેમજ તેવા ભુખ્યા માણસને પોતાથી ન બને તો પારકા માણસને વિનતિ કરી ખાવાનુ મેળવી આપવુ

એ પણ ધર્મ છે; તેમજ કોઇ રોગી હોય ને તેણે દવાખાનું ન દીઠું હોય તેને દવાખાનું બતાવવુ તથા ભુખ્યાને સદાવ્રત બતાવવું તથા સારે રસ્તે ચઢાવવું એ પણ ધર્મ છે કોઇ લુલો, લંગડો, અપંગ અને પૈસા વગરનો હોય તો તેનાથી પણ ધર્મ થઇ શકે છે. કારણ કે તે પોતે ભણેલો કે અનુભવી હોય તે આ પવિત્ર ફરજમા બુદ્ધિ અગર અનુભવ વાપરી ધર્મ કરી શકે છે. કેમકે મહાત્મા શ્રી પુજ્ય હરિભકત તુલસીદાસજી કહી ગયા છે કે—

દયા ધર્મકા મુલ હે, પાપ મુલ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબલગ ઘટમે પ્રાણ.
પરધન પત્થર જાણીએ, પર સ્ત્રી માત સમાન,
ઇતના કર હરિ ના મળે, તો તુલસીદાસ જમાન

માનવત રા. રા. શેઠશ્રી સાંકળચંદભાઇએ કહ્યું છે કે, નાડઆદમા વૈષ્ણવધર્મ વિષે કેળવણી આપવાનો વર્ગ ઉભો કરી નિશાળની સ્થાપના કરી છે, તેમા શાસ્ત્રી રાખી તેમની પાસે ૧૭૫ વિદ્યાર્થીઓને નીતિ શિક્ષણ અપાવે છે, તે જાણી મને ઘણોજ હર્ષ થાય છે, અને આ પ્રમાણે કેળવાયલા માણસનું વળણ પણ ધર્મ તરફ વળેલુ જોઇ તેમને માટે માન પેદા થાય છે, જોકે જે માણસ વયોવૃદ્ધ થયા છે તેમને માટે કદપણ કહીએ તો બંધ બેસતું ન થઈ પડે, કેમકે " કુમળુ ઝાડ જેમ વાળીએ તેમ વળે, પણ પુખ્ત ઉમ્મર થયા પછી તેમ થઇ શકતુ નથી, માટે મારી વિનતિ એટલીજ છે કે ભાષણકર્ત્તાઓ પૈકી એક જણ તરફથી સુચના થઇ કે અમારો વૈશ્ય હાઇસ્કુલ કાઢવાનો ઇરાદો છે તો તે શુભ સુચનાને હુ મારૂં અંત કરણથી ટેકો આપુ છુ અને દરેક જણને વિનતિ કરૂ છુ કે આવા પરમાર્થ ધર્મના કાર્યમા દરેક માણસે તન–મન અને ધનથી સહાયતા આપવામા કોઇ પણ રીતે પછાત

પડવુ જોઇતુ નથી, કેમકે એક છોડને ઉછેરવાને ખાતર-પાણી, તડકો-તાઢ, વિગેરે સભાળી જતન કરીએ તો તે ઉછરી શકે છે. તેવીજ રીતે છોકરાં ઉછેરવાને કેટલી મહેનત પડે છે તે અનુભવ સર્વ જનોને છે તેથી તે વિષે વધારે કહેવુ નિરર્થક છે, માટે આ બાળ વિદ્યાર્થીઓને માટે આપણે તેવીજ રીતે સભાળથી સારી ગતિએ પહોચે તેમ શ્રમ લેવાની જરૂર છે.

વિચાર કરો કે વેદમત્ર વાચો, જૈનમત્ર વાચો, કુરાન વાચો, બાઇબલ વાચો, ને તે સાથે સરખાવો, તો શ્રીવલ્લભ પ્રભુજીએ જે અષ્ટાક્ષરી મત્ર આપ્યો છે તેને પહોચી શકે એવો સરલ અને જબરજસ્ત સ્ત્રી-પુરૂષ દરેકથી થઇ શકે તેવો મળી આવશે નહિ. આ મત્ર ધર્મરીતિએ ઉઘાડો કરવો એ સહેલી વાત નથી કારણ કે આંધળા આગળ આરશી નકામી છે, તોપણ ગમે તે ધર્મનો માણસ આ મત્ર વાચે અને તેથી તેનુ મન તે તરફ ખેચાશે તો તેનુ અને દુનિયાનુ કલ્યાણ છે એમ સમજી બહાર પાડુ છુ, તે પવિત્ર અને અલભ્ય મત્ર નીચે પ્રમાણે છે —

“ श्री कृष्णः शरणं मम ॥ ”

હવે જોકે આપ તો સમજતા હશો પણ બધા માણસો સમજી શકે છે એવુ ધારવુ મિથ્યા છે એમ ધારી હુ તેનો અર્થ અને તેનો ગુહ્યાર્થ અને કલ્યાણ શુ રહ્યુ છે તે સ્પષ્ટ રીતે સમજાય તેને માટે તેનો અક્ષરશઃ ખુલાસો કરુ છુ

શ્રીના ઉચ્ચારથી સર્વ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, લૌકિક અલૌકિક ધન પ્રાપ્ત થાય છે અને સર્વ પ્રકારનુ લૌકિક અલૌકિક રાજવલ્લભ પ્રાપ્ત કરાવે છે

કૃના ઉચ્ચારથી પાપ માત્ર શોષાઇ જાય છે

णના ઉચ્ચારથી પાપ માત્ર નાશ પામે છે.

शના ઉચ્ચારથી યોનિદ્રાહ પામે છે જન્મનુ હિલન શાંત થઇ જાય છે. અપુનરાવૃત્તિ સિદ્ધ થાય છે

रનો ઉચ્ચાર અનિબીજ હોવાથી અલૌકિક અગ્નિનો પ્રવેશ થવાથી પરાભગવચ્છિયા ભગવત્ સ્વરૂપ જ્ઞાન થઇ જાય છે.

णंના ઉચ્ચારથી પરમ નિવૃત્તિ રૂપ પરમ સુખરૂપ પરમાનદ રૂપ શ્રીકૃષ્ણમા નિરતર સુખ દૃઢભક્તિ સિદ્ધ થાય છે.

मના ઉચ્ચારથી શ્રીકૃષ્ણરૂપ રત્નના દાન કરનાર ઉપદેશ કરનાર ગુરૂ વિષે પ્રીતિ પ્રકટ થાય છે.

म ઉચ્ચારથી હરિમા સાયુજય થઈ જાય છે એટલે સર્વથા પુનર્જન્મ થતો નથી

હવે આવા જે પુજ્ય પરમકૃપાળુ ભગવતવત્સલ ભગવાન શ્રી કૃષ્ણ પ્રભુ જેમને તન મન ધન આપી નિસ્વાર્થ બુદ્ધિથી કરજ બજાવે છે તેને શો ફાયદો મળે છે તેનો ઉત્તમ દાખલો નારદમુનિશ્રીનો આપીશ.

કોઇ એક ગામમા એક ગૃહસ્થ સાધારણ સ્થિતિનો રહેતો હતો પણ તે ગામમા તેની પ્રતિષ્ઠા અને તેના સદવર્તનથી તેના તરફ નગરજનોનો ભાવ સારો હતો તે સાધુસત અને ગરીઓનો બેલી હતો. કુવેથી પાણીઆરી પાછી જાય તો તેના આગળથી કોઇ ભુખ્યો કે ગરીબ માણસ પોતાની ઈચ્છાનુસાર મદદ મેળવ્યા સિવાય રહેતો નહિ તેવા ગ્રહસ્થને ત્યા આ નારદમુનિશ્રી ફરતા ફરતા જઇ ચઢયા તેમને આ શેઠે ભારે અને અંતઃકરણપુર્વક સત્કાર કરી પોતાને ઘેર પરાણે અતિથિ તરીક રાખ્યા: સાંજે વાળુ કરતી વખતે ધણીધણિયાણી જાદને તેમને બોલાવવાનુ મન થયુ કે આ ઘરમા કોઇ બાળક કેમ જણાતુ નથી, ત્યારે શેઠ-

શેઠાણી બને ગળગળા થઇ ઘણો નિશ્વાસ નાખી કહેવા લાગ્યાં કે ઇશ્વરની એ સિવાય પૈસો આબરૂની કંઈ ન્યુનતા નથી પણ એટલીજ ખામી છે તે ઉપરથી નારદજીને ઘણું લાગ્યુ ને તરતજ તૈયાર થયા કે આવાં પવિત્ર શેઠશેઠાણીને બાળક કેમ નહિ? તેની શ્રી ભગવાન વિષ્ણુ પાસે જઈ તપાસ કરી આવું. ને તેમ કહી ઉઠવા માડયા એટલે શેઠશેઠાણીએ પરાણે તેમને આગ્રહ કરી કહ્યુ કે તે તપાસ કરવાનો શ્રમ લેવાની જરૂર નથી કેમકે અમારા નસીબમાં હશે તે પ્રમાણે બન્યુ છે ને બનશે એમ કહી રાત્રે વાળુ કરાવી રાખ્યા.

શ્રી ભગવાન વીષ્ણુએ તેમને આદરસત્કાર આપી બેસાડયા ને આગમનનુ કારણ પુછયુ શ્રી નારદમુનીજીએ પૂછયુ કે અમુક ગામના એક શેઠને માટે હું આવ્યો છુ તેના નશીબમા છોકરૂ છે કે નહિ, ભગવાન વિષ્ણુએ વિચાર કરી કહ્યુ કે તેના નસીબમા છોકરૂ છેજ નહિ આથી નારદજી તેઓની રજા લઇ શેઠને ઘેર પાછા આવ્યા શેઠને હકીકત કહી શેઠ બોલ્યા, તમે આટલી અમારે માટે મહેનત લીધી તેથી તમારો ઉપકાર માનીએ છીએ. નસીબમા છોકરૂ નથી તો ફીકર નહિ પછી ત્યા નારદજી એક દીવસ રહી બીજે દિવસે વિદાય થયા, પછી એક સન્યાસી ત્યાં આવી અતિથિ તરીકે રહ્યા ને શેઠને કાંઇ છોકરૂ નથી એવુ જાણી આશિષ આપી કે તમને ત્રણ પુત્રો થશે પછી તે વિદાય થયા. થોડેક વર્ષે નારદજી આ શેઠને ત્યાં ફરીથી આવ્યા તો શેઠશેઠાણી-એ તેમનો સત્કાર કર્યો અતિથિને મરજી ઉપરાંત આગ્રહ કરી રાખ્યા ને આ નારદજીએ ત્રણ છોકરા જોઇ પૂછયુ કે આ છોકરા તમારા છે શેઠે કહ્યુ આપની કૃપાથી તેમજ છે. નારદજી ઘણા

ગુસ્સે થયા ને ભગવાન પાસે ગયા. તે પ્રથમ છોકરો નથી એમ કહ્યું હતુ તેથી ખુલાસો માગવા ગયા. તેમને આગ્રહપૂર્વક શેઠે રાખી તમારે તેનું નિરાકરણુની જરૂર નથી છતાં તમારી મરજી હોય તે પ્રમાણે કરજો.

નારદજી સવારમા પોતે શ્રી ભગવાન વિષ્ણુજીને ત્યા જવા નીકળ્યા. શ્રીભગવાન વિષ્ણુ તેમને આગેથી જોઇ તેમનુ આગમન કારણુ સમજી ગયા તેમને આખે કળતર થવાથી પાટો બાંધી બેઠા હતા એટલે નારદજી પધાર્યા અને ભગવાનની ખબર પૂછવા લાગ્યા. ભગવાન કહે છે કે મને આખે કળતર થાય છે ને ઘણા ઉપાયો કર્યા પણ મટતુ નથી માટે જો કઇ કોઈ માણસની આખો મને મળી આવે તો છેલ્લામા છેલ્લો ઉપાય તે મટવાનો છે તે સિવાય મને મટે એમ લાગતુ નથી તેથી નારદજી આખો શોધવાને કોઇ એવો પરોપકારી માણસ મળી આવ તો તે લાવી આપવા નીકળ્યા. ઘણી જગાએ ફર્યા થાકયા અને નિરાશ થયા પણ કોઇ પોતાની આખો આપવા તૈયાર થયુ નહિ ને કોઇક એવું કહેનાર પણ નીકળ્યો કે તમારી પાસે આખો હોવા છતા બજાની શા માટે ખોળો છો ? નારદજી તે ઉપર ધ્યાન ન આપતા આગળ ચાલતાં જંગલમાં ગયા ત્યા એક જોગી ઝાડની છાયા નીચે બેઠેલો જોયો. જોગી સમાધિવાળો હતો તેમણે નારદજીને ઓળખ્યા ને પોતાની પાસે આદર સત્કાર કરી બેસાડયા. કુશળક્ષેમના સમાચાર પૂછી આવવાનુ પ્રયોજન પૂછ્યુ શ્રી નારદજીએ કહ્યું કે ભગવત શ્રી પરમકૃપાળુ વિષ્ણુને આખોએ દરદ થાય છે ને જીવતા માણસની આંખો માગે છે, તે પરોપકારી ધર્મનિષ્ટ યોગીએ વધારે વિવેચન ન કરતાં પાસે પડેલી છરી વડે આખો કાઢી આપી. શ્રી નારદજી આનંદાશ્ચર્ય પામી આખો લઇ બનતી ત્વરાથી ભગવાન

પાસે ગયા અને ગયા તો માલમ પડયું કે તેમની આખો તદ્દન સારી થઇ ગઇ હતી. શ્રી નારદમુનિ આંખો લઇ આવ્યા જાણી તેમના આ પ્રયાસ માટે ઘણા ઉપકૃત થયા ને કહ્યુ કે મને હવે આંખે સારૂં થયુ છે માટે આખો પાછી આપી આવો. શ્રી નારદજી તે પ્રમાણે કરી પાછા આવ્યા ને કહ્યુ કે કૃપાળુ આપને પ્રથમ પૂછવા આવ્યો ત્યારે કહ્યુ હતુ કે શેઠના કરમમાં એક દીકરો નથી તો મે પ્રત્યક્ષ તેમને ઘેર ત્રણ દીકરા જોયા છે તો આપનુ કહેવુ સત્ય કે મેં જોયુ તે ? આપ શ્રી ભગવાને હસતા મુખે પ્રેમ ભાવથી કહ્યુ કે નારદજી બંને વાત ખરી છે. તેના નસીબમા છોકરા નહોતા તે વાત નિર્વિવાદ છે પરતુ જે ભક્ત મારે માટે પોતાની આખો કાઢી આપે તેનુ વચન કેમ ફળીભુત ન થાય ? તેનો વિચાર કરો. તમારી પાસે આંખો હતી છતા તમે પારકાની ખોળવા ગયા તો કયો ભક્ત શ્રેષ્ઠ ? તે તમેજ કહી શકશો. ને તેવા ભક્તનું વચન મારાથી શી રીતે મિથ્યા થાય. તેજ સમર્થ યોગીએ વચન આપ્યુ હશે અને તેથી શેઠને ત્રણે પુત્રોનો લાભ મળ્યો હશે. નારદજી આ વાત સાંભળી ચકિત થઇ ગયા ને પોતે ભક્ત છતાં પોતાની આંખો ન આપી ને પારકાની આંખો લેવા નીકળ્યા તે પણ ઘણા દીવસ વીત્યા. સાર એટલોજ કે જે માણસ તન મન ધનથી ભક્તિ કરે છે તે સર્વ કરી શકે છે.

હરીભક્તો વખત ઘણો થઇ ગયો છે માટે આપનો અમુલ્ય વખત ન રોકતા ટુંકમા એક શ્લોક કહી વધારે ખોટી નહિ કરૂં.

निन्दन्तु नीतिनिपुणा य दि वा स्तुवन्तु ।
लक्ष्मीःसमाविषतु गच्छतुवायथेष्टम् ॥

अद्यैववामरणमस्तु युगान्तरेवा ।
न्याय्यात् पथःप्रविचलन्तिपदंनधीराः ॥

આનો ભાવાર્થ એવો છે કે યશ મળો યા ન મળો કાલે મોત થતુ હોય તો આજે થાય પણ સત્યવાદી માણસો પોતાનુ વચન ભગ કરતા નથી.

આ આજે શ્રીમહાપ્રભુજીનો જન્મ દિવસનો મહોત્સવ છે તેજ શુભ પ્રસંગને લીધે આપણે બધા એકઠા મળ્યા છીએ અને માનવંતા સરદાર બહાદુર દાસાહેબ દેસાઇજીશ્રીએ પ્રમુખપદ સ્વીકારી પોતાની હાજરી આપી પોતાની હરિભક્ત તરીકેની ફરજ બજાવી છે તેજ પ્રમાણે તેઓશ્રી જન્માષ્ટમી તેમજ રામનવમી જેવા શુભ પ્રસંગોએ પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી હાજરી આપતા રહેશે એવી મારી સવિનય પ્રાર્થના છે, કે જેથી ઘણા માણસો તેમને લીધે આવા આપણા ધર્મના રહસ્યનો ભાગ લઇ શકે. એટલું બોલી બેસી જવાની રજા માગુ છુ.

પ્રકાશકના ઉદગાર—અદલ ઘંટ.

આગળના જમાનામાં અકબરશાહ બાદશાહના વખતમાં દીલ્હી તખ્ત ઉપર પાદશાહી હતી અને સર્વત્ર મુસલમાનોની સર્વોપરી સત્તા હતી, પણ અકબરશાહ બાદશાહે પોતાના નેકી રાજ્યમાં અદલનો ઘટ રાખ્યો હતો. તે એવા હેતુથી કે જે કોઇ ઘંટ વગાડે તેની ફરીઆદ છે એમ સમજી રૂબરૂ ફરીઆદ સાંભળી ન્યાય આપતા.

એક વખત એવો સમય આવ્યો કે એક ગાય આ અદલ ઘંટના સ્થાને આવી પહોંચી, અને પોતાનું ડોકું ઘસી ઘટ વગાડયો. બાદશાહે જોયુ કે કોઇ ફરીઆદી છે, પણ ગાય જાણી લક્ષ આપ્યુ નહિ, તેથી ગાયે ફરી ડોકુ ઘટ સાથે ઘસી વગાડયો, તે વખતે બારોટ નરહર તેમની પાસે હતા, તેમને પૂછ્યુ કે, આ ગાયે બે વાર ઘટ વગાડયો તે શા કારણથી ' તે તમે કહી શકો છો? એટલામા ગાયે ડોક ઘસી પ્રથમની માફક ત્રીજી વાર ઘટ વગાડયો. બારોટ નરહરે પ્રતિઉત્તર આપ્યો.–' જી હજુર નેકનામદાર ખુદાવિંદ, ! તેની ફરીઆદ છે. તે ફરીઆદમા ગાય કહે છે કે, લીલા સૂકા ધરતી ઉપર થયેલા ઘાસ ખાઇ અમારો નિભાવ કરીએ છીએ, અને દૂધ, દહી, ઘી, માખણ, છાશ–ને અમારા બચ્ચાને પુરૂ નહિ કરતા આ દુનિયાના મનુષ્યો—હિન્દુ, મુસલમાન, જૈન વિગેરે મનુષ્ય પ્રાણીને એટલુજ નહિ, પણ ઘોડા વિગેરને આપી પોષીએ છીએ તેમજ અમારૂ છાણ મુતર તે પણ ખાતરના ઉપયોગમાં તથા લીપવા તથા દવા વિગેરેમા ઉપયોગી થાય છે તેમજ અમારા દીકરાઓ તે બળદરૂપે ખેતી કરી દુનિયાને ખોરાકી, પોશાકી તથા પહેરવા ઓઢવાના સાધન પુરા પાડે છે, તેમજ અમારા દીકરાઓ ઉપર બોજો નાખી, તથા ગાડી ગાડામા જોડી લઇ જાય છે, તથા અમારા મૂવા પછી અમારાં ચામડા પણ જોડા, પખાલ, કોસ, વરત, નગારી તથા ઢોલ વિગેરેમાં ઉપયોગી થઇ પડે છે; તથા નખ શિંગડા પણ કામમા આવે છે. તે સઘળું અમે હિન્દુ મુસલમાન સર્વેને સરખી રીતે ભિન્નભાવ વગર સુખ આપીએ છીએ તોપણ અમને મુસલમાનો શા માટે મારે છે? એ સમજે તે બાબતની ફરિયાદ કરવા બિચારી ગાય આવી છે. ' તેથી પ્રતાપી અકબરશાહ બાદશાહે ગૌવધ બંધ કરી દીધો અને પોતાના રાજ્યના

નેકી ન્યાયનો અવાજ સર્વત્ર વર્તાવી ગાયોનો થતો કેર બંધ કર્યો. આ ઉપરથી જે જ્ઞાતિઓ ગૌવધ કરેછે તેઓ જો આ ધડો લઇ બંધ કરે તો ગાયોને આશિર્વાદરૂપ થઇ પડશે, એટલુંજ નહિ પણ તેમને બચાવવાથી આપણી ખોરાકી પોશાકી વધશે અને સંપતિનો પણ વધારો થશે.

આશા છે કે પરોપકારી જનો આ ગરીબ ગાયોના બચાવ માટે આ વિષય ઉચકી, તેમજ બીજા પેપરોવાળા ઉપાડી લઇ પોતાથી બનતી સહાય તન, મન, ધનથી આપ્યા વગર પોતાની પવિત્ર ફરજ અદા કર્યાં વગર રહેશે નહિ.

પ્રકાશક.

સાંપ્રદાયિક સંવાદ.

હરિદાસ.

વસંતતિલકા છંદ.

જે ધર્મથી જગમહિ નિત્ય સુખ થાયે,
તેતો વસ્યો સરવથા હરિ સંપ્રદાયે
જયા ધર્મ અર્થ·વલિ કામને મોક્ષથી તો,
સિદ્ધાંત છે જગ અને હરિ શેવનો તો. ૧

ધર્મદાસ

તમે શું કહ્યું ? ધર્મ સંપ્રદાયમાં વસી રહ્યો છે ? એ વાત તે મનાય ? મારે ગળે તો બીલકુલ ઉતરતિ નથી. સંપ્રદાયો તો મારા તારા ખરાખોટાના ઝગડામા ને ખાનપાન ગાનતાન ગુલ-તાનમાં ને ગાડીવાડી ને લાડીની મોજમઝામાં ડુબી ગયેલા દેખું છુ ખરો ધર્મ સનાતન છે તેને વિસારી તમે કયા વળી સંપ્રદાય-ના ખાડામાં પડો છો ?

નીતિલાલ.

ધર્મદાસ તમે કહો છો કે સનાતનમાં ખરો ધર્મ સમાયલો છે એ વાત મારે ગળે ઊતરતી નથી તેઓનો ઝગડો પણ સામાજીઓને ક્રીશ્ચનો સાથે થયેલો રોજ સાંભળીએ છીએ માટે ખરો ધર્મ તો નીતિ છે નીતિ માર્ગે ચાલવુ એજ મને શ્રેય કર લાગે છે. બાકી ધર્મોથી તો યુરોપાદિ દેશોમાં લોહીની નીકો વહી છે તે નિમિત્તે હજારો ખુન થયાં છે. ધર્મે તો દુનિયાનુ સત્યાનાસ વાળ્યુ છે તેની તો જરૂરજ નથી તેને તો જડમુળમાંથી ઊખેડી નાખવામ'જ લાભ છે.

અર્થદાસ.

સંપ્રદાય નીતિ સનાતન ધર્મની બાતો કરવામા ને તે પ્રમાણે ચાલવામા શુ મળ્યુ ? પેટમાં ખાવા જોઇયે છીયે તે કમાવવાનો રસ્તો આજકાલ તો ઇંગ્લીશ વિદ્યા ભણુવામાં ને હુન્નરો જાણુવામા ને યુરોપિયનોની સાથે તેમના જેવા ડ્રેસના ભપકાથી રહી તેમના ખાનપાનની મોજોમાં ભાગ લેઇ દોસ્તી કરવામાં લાભ સમાયલો છે કાતો મોહોટી નોકરી મળે કે મોહોટા વ્યાપારની એજન્સી મળે તેવો લાભ મને બીજામાં દેખાતો નથી બાકી પંથ સપ્રદાયોનો વગર મુડીને વગર મહેનતથી પૈસા કમાવવાનો ને પુજાવાના માર્ગ સ્વાર્થિઓએ કાઢેલો છે તેમાં કઇપણુ સાર નથી માટે ખુબ પૈસા કમાવવાને ખાનપાન ગાનતાન ગુલતાન રહી ગાડીવાડી ને લાડીની મોજ મારવામાંજ જીવતરનું સાર્થક સમજુ છુ તે સીવાય મને બધુ પોકળ લાગે છે.

જુઠાલાલ.

શિવોહં શિવોહં અહં બ્રહ્માસ્મિ ખરે તમે સર્વ ભાઇઓ

ક્યાં આ માયાના જુઠા ઝગડાની વાતો કરી રહ્યા છો જગત્ જુઠું છે સર્વ પદાર્થ દર્શનીય વસ્તુ તમામ માયાત્મક જુઠું છે પરમાર્થ વૃત્તિમાં જગતજ નથી ઇશ્વરમાં ઇશ્વરતાનો આરોપ પણ જુઠો છે વેદશ્રુતિ સરવે જુઠા છે માત્ર બ્રહ્મ સત્ય છે ને તે બ્રહ્મ હું પોતેજ છુ કે તો પછી તેમાં કર્મ ઉપાસના જ્ઞાનભક્તિની વાતજ ક્યાં છે એતો અજ્ઞાનદશામાં કરવાનું છે જ્ઞાન થયે તમામ જુઠું આવો વેદાંત ધર્મ મુકી પોતે બ્રહ્મરૂપ છતા અન્યને મ'નવું મનાવવુ વર્ણ આશ્રમમા ભેદ ગણવો વટલાવુ ન વટલાવવું એ છે. ક્યાં અભેદમા ને બ્રહ્માસ્મીમાજ સુખ છે તેને પુણ્યે નથી ને પાપે નથી માટે સર્વોત્કૃષ્ટિ આવો વેદાત માર્ગ મુકી ક્યાં સનાતનને નીતિ ને સંપ્રદાયના ઝગડામા પડો છો તે બધુ જુઠું છે.

હરિદાસ

હરિ હરિ હરિ શ્રીવલ્લભ શ્રીવલ્લભ તારી લીલા વિચિત્ર છે બલીહારી છે તુ પોતેજ સર્વ રૂપ થઇ લીલા કરી રહયો છે ત્યા કોઇનુ ખોટું શું કેહવાય ? બધું સત્ય જગત્ સત્ય હરિ સત્ય હુ માયારૂપી મનોશ્રષ્ટી સંસાર એજ અસત્ય જણાય છે તારી શ્રષ્ટી અસત્ય શી રીતે હોય. તુજ દૈવી ને અસુરી રૂપ બન્યો છુ ને તુજ લીલાથી બધી વાતો કરી રહ્યો છુ તેમાં તુ અષ્ટારૂપ થયો વેદરૂપ થયો ધર્મ અર્થ કામને મોક્ષની પ્રનાલીકાએ શ્રષ્ટીને ચલાવવા નિયમો તેંજ બાંધ્યા ધર્મથી ધન (અર્થ) અર્થથી કામોપભોગ તે પુર્ણ થતાં થતાંમાંથી તે પછી પ્રેમભક્તિ જનક પ્રભુ સેવાનો માર્ગ શ્રૌત માર્ગ તેંજ દર્શાવ્યો છે સતયુગ ત્રેતા દ્વાપરમાં શક્તી આયુષ્ય વિશેષ હોવાથી સનાતનધર્મ પ્રનાલીકાથી જીવો કૃતવ્ય કરી રહ્યા હતા પરંતુ કળિયુગમા શક્તી આયુષ્ય ઓછા થવાથી સંપ્રદાયો ઉપજાવી આચાર્ય રૂપો ધરી સનાતન

ધર્મનુ રક્ષણ કરી કર્મજ્ઞાન ઉપાસનાથી જીવો મુક્ત થાય તેવી પ્રનાલીકા ચલાવી પરંતુ તેમાં પોતાના અધિદૈવ સ્વરૂપથી અજ્ઞાનતા થયેલાની ખામી દુર કરવાના દૈવી જીવોને સ્વસૃષ્ટીમાં લેવા માટે તે પોતેજ મુખાર્બિન્દ અગ્નિસ્વરૂપથી ભુતળમાં દ્વીજગૃહે શ્રીવલ્લભરૂપે પ્રગટી સનાતન ધર્મના રક્ષણ સાથે શૌત શુદ્ધાદ્વૈત સિદ્ધાત સ્થાપી પુષ્ટિ સંપ્રદાય ભૂતળમાં વીસ્તારી ભગવદ વચનામૃતાનુસાર સર્વ ધર્મમાં કૃતાપણાનો ત્યાગ કરી નિઃસાધન થઇ હરી શરણે જવુ એજ ધર્મ જે જે કરવું તે પોતા માટે નહી પણ પ્રભુ માટે કરવાથી સ્વાર્થ ને અહંતા મમતાનો નાશ કરાવી મોક્ષ કરીને સેવાજ વૃત્તિથી કરી. ઠાકોરજીને ઠાકોરજીના અંશરૂપી જીવોની સેવા કરી આ દેહે આ જગતમાં જે આનદ સૃષ્ટિનુ સુખ ભોગવી દેહત્યાગ થતાં આનદરૂપી દેહ ધરી, આ બે દૈવ સૃષ્ટિમાથી શ્યામ શ્યામિની પૂર્ણ પુરૂષોત્તમ નિર્ગુણ પ્રેમ આનંદ રસસ્વરૂપની સેવામાંની જનાનદમા પ્રાપ્ત થવુ એજ મનુષ્યનો ધર્મ છે એજ વિશ્વધર્મ છે બીજો ધર્મ, પથ હોઇ શકે નહિ. સર્વે તેના પત્ર શાખા વિગેરે સમજવા. બાકી જડવાદી અસત્યવાદી તો આસુર સૃષ્ટિમા છે તેની તો તેમા ગણુના હોયજ નહિ.

સર્વ ધર્મો પરિત્યજય મામેકં સરણ વ્રજ
મત્કરોષી યજ્ઞાસી મતુનુ હોતેનત કુરૂસ્વમ દર્પણું
અસત્યમ પ્રતિષ્ટ જગદાહુ રાનેશ્વરમ્
નાયમાત્મા પ્રવમનેન લભ્યો
ઇશ્વર સર્વ ભુતાના હશેર્જુનાતિષ્ટાતિ
ભ્રામયન સર્વ ભુતાની યભારૂ દામી પાયયા
રસો વેસઃ લોક વત્ર લીલા કૈવલ્યમ

આ બધાં વાકયો શુ બતાવે છે?

સર્વ ધર્મનો ત્યાગ કરી હરીશર્ણે જવું તેજ ધર્મ શરણ ધર્મ.
જે જે કરવુ તે હરીને અર્પણ કરવુ, નામમંત્ર બ્રહ્મસંબધમંત્ર.
જગતને અસત્ય કહેનાર આસુર છે.

પ્રભુ સાધનથી મળતા નથી પણ પોતે કૃપા કરીને જીવને વરેછે તે કૃપામાર્ગ તેજ પુષ્ટી માર્ગી ઇશ્વરજ સર્વભુતોના હૃદયમાં રહીને જે જે કરવું છે તે કરાવે છે મનુષ્ય યંત્રવત્ છે પોતે યંત્રી છે કેવલ આ લોકવત્ લીલા છે. ગરીબ જ્ઞાનવાળો થાય છે રાજા રંક થાય છે રંક રાજા થાય છે ભણેલાઓ અભણને ત્યાં નોકર રહે છે એક રાજાને જીતી બીજો થાય છે રોગી નિરોગી થાય છે બળવાન નિર્બલ થાય છે વિગરે જે બને છે તેમાં મનુષ્યની સત્તા વિરૂદ્ધ હુન્નરથી થયુ હોય તો સર્વ પોતે સુખીજ રહે દુખ હોયજ નહી વાસ્તવીક દુખ છે નહી પણ તે હરીને શ્રીકૃષ્ણમાં ને હરીના શરણ થવામાજ બાકી અહંતા મમતાની શ્રષ્ટીમાં તેજ રહ્યુ છે બ્રહ્મા વિષ્ણુ ને મહેશ રૂપી મુનીઓને યોગીઓની સત્તા શ્રી આગળ નથી તો મનુષ્ય શી ગણતીમા છે.

સિદ્ધાન્તોને દોષ છે વિશ્વને ગૃહણીય છે છતા દોષ જેવું દેખાય તે તેના કરનારનો સમજવો સીદ્ધાંતમાં છેજ નહી.

ધર્મદાસ.

ધન્ય છે હરિદાસ ધન્ય છે અમો ચારે આપના પુષ્ટિ સંપ્રદાયના છતા અજ્ઞાનતાથી કરી દુ:સંગના સંસર્ગમાથી ભ્રષ્ટ થયેલાને તમોએ શ્રૌત ધર્મનો સિદ્ધાત સમજાવી જે ઉપકાર કર્યો છે તે જન્મો જન્મ ભુલાય તેમ નથી માટે અમો હવે તમારાજ સતસંગનો લાભ લેઇશુ માટે અમોને આપણા સિદ્ધાત ગ્રંથોનો કૃપા કરીને અભ્યાસ કરાવશો.

હરિદાસ.

અરે મારી સત્તા શું હું તો એક અલ્પ જીવ તમારા દાસનો પણ દાસ છું તમારે સિદ્ધાંતના ગ્રંથોનો અભ્યાસ કરવાની જીજ્ઞાસા હોય તો વડવેકુવે સાતસ્વરૂપની હવેલીમાં શાસ્ત્રી મોહનલાલજી પાસે આપણા સાંપ્રદાયિક વૈષ્ણવ યુવકમંડળના મેમ્બરો આશરે ૧૫૦–૧૭૫ વિદ્યાર્થિઓ શીક્ષણ લે છે તેમાં તમે પણ લેશો તો લાભ થશે.

ધર્મદાસ.

તમે રસ્તો તો ઉત્તમ બતાવ્યો ને સલાહ પણ ઉત્તમ આપી પરંતુ સ્કુલમાં અભ્યાસ કરવો ને રજાના દિવસોમાં બે દીવસ તે અભ્યાસ કરવો ને પછીથી અન્ય જાતને માર્ગના જે સંબંધમાં રેહેવું તેમ શારિરક માનસીક સ્થીતિ નબળી થવાની અને સ્નાન કરીને ધુળ ઉડાડવાથી ગંગા કુંજર સ્નાનવર થાય તેમાં લાભ ઘણોજ થોડો સમજાય છે બાકી જો વડીલોને તમે વિનંતિ કરી ગુજરાતિ ઇંગ્લીશ બીજો શીક્ષણ આપી શકે તેવી રીતે પાચ સાત વર્ષની ઉમ્મરથી તે મેટ્રીક થતા સુધી અભ્યાસ કરે તેવી સંપ્રદાયિક હાઇસ્કુલ કઢાવો તો અન્ય સબંધનો ડાઘ પણ હૃદયમા પેસવા પામી શકે નહી. તેમાં બીજી ભાષા તરીકે સંસકૃત ભાષા ફરજીયાતની સાથે આપણા સાંપ્રદાયિક ગ્રંથોનો અભ્યાસ કરાવાય તો અમો સર્વ બાળકો સહીત થઇ પરીણામે નિત્ય મુખ્ય પ્રાપ્તી વિશ્વમાં વ્યાપતાં આનંદ આનંદ થઇ જાય.

કિ બહુના !

હરિદાસ.

વાત તમારી સત્ય છે પ્રભુ વડીલોને પ્રેરણા કરશે તો સ્હેજ થઇ શકશે પરંતુ તેમાં આપણા આગ્રહની જરૂર છે જુઓને

આજકાલમાં અનાથાશ્રમ મુકામ દયાગ્રહથી કેવી સ્થીતીમાં આવી ગયુ છે આ બધાં નવા નવાં કાર્યો માની આપણી અજ્ઞાનતાથીજ જન્મ પામે છે નહીતો સર્વપદં હસ્તિપદોને મગ્ને આપણી પાયા પર હાઇસ્કુલ ચાલતી હોય તો તેવી સંસ્થાઓ આપણાજ માર્ગની હોઇ દીન પ્રતિદીન ધર્મનીજ વૃદ્ધી થાય જેમા આચાર ભ્રષ્ટતા કે નાસ્તીકતાનો શક કોઇને આવેજ નહી.

શ્રી વલ્લભ જયંતિ.

પ્રેમીઓના પ્રેમોદગારો !

શ્રી આદિલોક ગૌલોક વિહારી રસાનંદ સ્વરૂપ શ્રી પુર્ણ પુરૂષોત્તમના મુખાર્બિન્દાગ્નિવતાર શ્રી વલ્લભાચાર્યજી (પ્રસિદ્ધ શ્રીમહા પ્રભુજીને નામે ઓળખાતા) નો ચૈત્ર વદી ૧૧ તા. ૧૦-૪-૧૫ ને વાર શનીવારને રોજ જન્મોત્સવ હોવાથી વડવેકુવે સાતસ્વરૂપની હવેલીમાં શ્રી વલ્લભ જયતિનો મહોત્સવ, ગદ્યપદ્યોદગારથી અપુર્વ આનંદજનક પ્રેમભક્તિથી માનવામાં આવ્યો હતો મંદિરથી તે સભામંડપના દ્વાર સુધી રસ્તાઓને રંગબેરંગી તોરણોને વાવટાઓથી શણગારવામા આવ્યા હતા, ને ખાસ સભામંડપને, યુવકોએ ચિત્રેલી સાંપ્રદાયિક સ્વરૂપોની, છબીઓથી ને ધ્વજાપતાકા તોરણોથી અતિ રમણીય ચિત્તાકર્ષક સુશોભિત કરવામાં આવ્યો હતો. સભામાં શ્રોતાજનોની આસરે ૫૦૦ માણસોની સાથે સ્ત્રી, બાળકોની પણ હાજરી હતી. તે પ્રસંગે શરૂઆતમાં રા સાકળચદ મગનલાલે દરખાસ્ત કરી, ને રા છગનલાલ પુરૂષોતમદાસે ટેકો

આપ્યો કે, આ સભાના વ્યવહારિક પ્રેસિડેન્ટ, રા. બા. સરદાર સુપ્રસિદ્ધ દેશાઇજી પુરૂષોતમદાસ ઉર્ફે દ્યાસાહેબ વિહારીદાસને નીમવા, તે દરખાસ્ત સર્વાનુમતે મંજુર થવાથી પોતે, પ્રેસિડેન્ટ સ્થાને શ્રી માહાપ્રભુજીની છબી હોવાથી, બીછાના ઉપરજ બેસી અધ્યક્ષ સ્થાન લીધુ હતુ. ત્યારબાદ શ્રી મહાપ્રભુજીના જન્મોની વધાઇઓ, તાલમૃદગ ને તબુરા, હારમોનિયમની સાથે, કિર્તનિઆઓએ સુકંઠથી ગાઇ હતી. પછીથી રા. રમણલાલ સાંકળચદ નામના યુવકે, શ્રી નારદજીના સ્વરૂપમા આવી શ્રી વલ્લભાચાર્યજીના જન્મની ભૈરવી, રા સાંકળચદ મગનલાલની બનાવેલી તંબુરાની સાથે, ચિતાકર્ષક મધુર સુરથી નિચે પ્રમાણે ગાઇ સંભળાવી હતી.

રાગ ભૈરવી.

વલ્લભિય વલ્લભ આજ
વિશ્વમાં „ „ „
વપુધરી વ્રજવિહારિ વર્ણવ્યા, વદિક વિધિથી સમાજ. વિશ્વમા ૧
વ્રજપતિ વલ્લભ વિછુર્યા વૃજપતિથી વિરહ વાધ્યો વપુમાજ વિ. ૨
વિશ્વ વિષે વિચરતા વિસારી વપુધરી શ્રી વૃજરાજ વિશ્વમા. ૩
લહરીલાલ લલીની લહરમાં લેખે નહી લોક લાજ. વિશ્વમાં. ૪

પશ્ચાત્ સાંકળચદ મગનલલે, "શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટયની જરૂર" વિષે નિચે પ્રમાણે ગદ્યપદ્યમા વાખ્યાન આપ્યુ હતુ

મંગળાચરણ.

નમો ભગવતે તસ્મૈ, કૃષ્ણા યાદ્ભૂત કર્મણે;
રૂપ નામ વિભેદેન, જગત ક્રિતરૂતિયો યત ૧
નમામિ હૃદયે શેષે, લિલા ક્ષિરાબ્ધિ શાયિનમ્,

લક્ષ્મિ સહસ્ત્ર લિલાભિ, શૈંવ્યમાનંકલાનિધિમ્.
ચતુર્ભિંશ્ચ ચતુર્ભિંશ્ચ, ચતુર્ભિં: સ્ત્રી મિશ્રતથ !
ષટ્ભિ ર્વિંરાજતે યોસૌ, પચધા હૃદયેમમ ૨

વસતતિલકા (સ્વકૃત).

વિદ્યા વિહિન વદુ હુ વર વૃંદ માહી,
વસો વસો વૃજપતિ મમ વાણી માહી;
વિશ્વાસ આશ પુરશે અવિનાશી મારી,
ગાઉ ગીરા ગુણ ગ્રથિત લિલા તમારી.

ભાગ્યવાન્ ભગવદીયો !! " શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટયની જરૂર " વિષે પદ્યમા કહી આપની સમક્ષ ગદ્યમા વિવેચન કરવાની આજ્ઞા લઉ છુ.

વસંતતિલકા (સ્વકૃત).

જાગો જરૂર જગજીવનના જનોતો,
જુઓ જુઓ જગતમા જન જલ્પતાતો;
જુઠુ જગે જીવ જુઠો જાડુ જે જણાયે,
જુઠા જનો જગ જગે જુઠી જાળ જાયે. ૧

બાકી રહી ન કશિયે વધિ ભ્રષ્ટતા તો,
વ્યાપિ રહી તનમને દ્રવ્ય દાનમાતો;
ન્યારો સનાતન નથી જગમાહી કાંયે,
વાસો વસ્યો લઘુરૂપે સહુ સંપ્રદાયે. ૨

કાલાનુસાર ત્રિગુણો અને કૃષ્ણ કાયે,
આવ્યા કલિ વપુધરી કરી સંપ્રદાયે;
તે મોક્ષ અન્તીમ ગણી કરે સાધનોતો,

અધ્યાત્મમાં લવીજતા છુટતા પછીતો. ૩
ખામી દીઠી જગતમાં પ્રિતિ ભાવ કેરી,
ત્રિગુણ માંહિ ભમતા જીવ દેહ ધારી;
અધ્યાત્મ રૂપ અધિભુતજતો વિચાર્યું,
મારૂ સ્વરૂપ અધિ દૈવી કને વિસાર્યું. ૪
દૈવી જીવો અહી તહી ભમતા અગાધા,
આવી દયા ઉર વિષે પ્રિય કૃષ્ણ રાધા;
વિહાગ્નિ તો પ્રગટીયો મુખ દ્વારથીતો,
આચાર્ય વલ્લભ પ્રભુ પ્રગટયા મહીતો. ૫

હુ મારૂ તો નવ રહે કદી મંત્રથીતો,
શર્ણે થતાં અહ છુટે મમ અર્પણેતો;
પોતાને કાજ કઇ ના હરી કાજ સર્વે,
છે તે હરીનુ અર્પે મુકી ઉર ગર્વે. ૬
સેવા કરે જગતની હરી અંશ જાની,
શ્રૂતિ તણી પ્રિતિ ધરી હરિ શ્વાસમાની;
શ્રી શ્યામ શ્યામિનિ તણી નિત્ય સેવ કર્તા,
ભુવિ મહી સુખ લહે ધરી ભાવ ભર્તા ૭

મંદીર જે હરિ તણુ વૃજ ભુવિ જાનો,
સામગ્રિ સર્વે નિજની હરીરૂપ માનો;
પ્રિતિ નિહાલિ જનની થઇ સાનુભાવે,
પાયે પિયે પ્રિતિ પિયુઝજ શ્રૂતિ ગાવે. ૮

ભાગ્યવાન્ ભગવદીયો માહારી વાખ્યાન કરવાની શકિત કેટલી છે તે મેં મગળાચર્ણમા મારી બનાવેલી ગુજરાતિ કાવ્યદ્વારા

આપને વિદિત કરેલીજ છે કારણકે હુ આપના માર્ગીય ગ્રંથોને તેમજ સંસ્કૃત, અંગ્રેજી ને ગુજરાતિનો પણ પાયાદાર અભ્યાસી નથી તેથી પ્રભુકૃપા કરી જે બે અક્ષર બોલાવે તે બાળકની ગમ્મત જાણી સ્વીકારી આનંદીત થઇ ઉપકૃત કરશો. કલિયુગમાં અલ્પ આયુ ને શકિતહીન વિદ્યાવિહીન જનો હોવાથી ને દેશકાલ કર્મ વિધિ મત્ર વિગેરે દુષિત થવાથી વૈદીક કર્મો નિષ્ફળ થવાથી સમયાનુસાર બીજરૂપે સનાતન ધર્મનુ રક્ષણ કરી દેવો, અને ભગવાને અવતાર ધરી કર્મજ્ઞાન ભકિતથી અલ્પ સમયમા જીવો મોક્ષ પામી શકે તેવા સંપ્રદાયો પ્રગટ કર્યા (સનાતન ધર્મનો ઝુંડો ઉઠાવનારાઓ પણ કોઇને કોઇ સંપ્રદાયના અનુયાયિઓજ છે) સ્વતંત્ર રીતે સનાતન ધર્મ પાળનારાની સંખ્યા દેશકાળ પરત્વ રહીજનથી તેમજ તે ધર્મ દૈહીક હોવાથી કાળે કરી ઘણા વર્ષે ને ઘણા જન્મે હૃદય શુદ્ધિથી જ્ઞાન પ્રાપ્ત થતાં કોકાળે પોતાના ઇષ્ટપર ભકિત થતી તેમાંયે ક્રમક્રમથી દેવદેવીઓ પર ભકિત થતાં છેવટે વિષ્ણુભક્તિ થવાથીજ જન્મ મરણનો ફેરો છુટી મોક્ષ મળતો હતો પરંતુ શ્રમ ઘણો ને ફલ અલ્પ હતુ જે સમયમાં સ્વર્ગિય તુચ્છ કામનાથી સ્વાર્થતાથી પશુ યજ્ઞોમાં બીચારા નિર્દોષ પ્રાણીઓને હોમવામા આવતા વિધતા વિધતાં દયાનો કેવળ લોપ થવાથી માત્ર હીંસક ધર્મ વધી ગયાથી શ્રી વિષ્નુ ભગવાને બૌદ્ધનો અવતાર ધરી વેદના કર્મકાડને નિંદ્યો ને માત્ર આત્માના જ્ઞાનથીજ મનુષ્ય મોક્ષ પામી સુખી થાય છે તેવો સિદ્ધાત પ્રગટ કર્યો કાળે કરી તેમા જ્ઞાનના તત્વને ન સમજતા આચાર, ભ્રષ્ટતા, મલીનતા ઉદ્ભવી ને જૈનધર્મનો નિરશ્વરી વાદ ઉત્પન્ન થયો ને કોઇક કોઇક સ્થળે વેદ માનનારાઓએ કેવળ કર્મઠ માર્ગ ઉત્પન્ન કરી કર્મજડ

બની ગયા તે વખતે સનાતન ધર્મ નષ્ટપ્રાય થઇ ગયો ત્યારે ભગ-વાન્ શકર પ્રગટ થયા ને શંકરાચાર્ય રૂપે જ્ઞાન થતા સુધી વર્ણા-શ્રમ દ્રપુજા ઉપાસના શીવના લીંગ (ચિન્હ) ને મૂર્તિ રૂપે સ્વીકારી કર્મ ઉપાસનાને જ્ઞાનમાર્ગ પ્રગટ કરી મંડન મીશ્રાદિ કર્મ-ઠોને જ્ઞાનદાન કરી સન્યાસી બનાવી જ્ઞાની કર્યા પરંતુ અજ્ઞાન સુધી સર્વે કરવાનું છે ને જ્ઞાન થયા પછી અહંબ્રહ્માસ્મિનો સિ-દ્ધાંત જણાવી હુ બ્રહ્મ પોતે છું અન્ય બ્રહ્મજનથી જીવ જગત વેદ ઇશ્વરમા ઇશ્વરતાનુ આરોપિત્વ એ સર્વે જુઠુ છે કહી કેવાતા ધ્વૈત સિદ્ધાંત સ્થાપ્યો એ ઉપદેશ જગતમાંથી આશકિત ઉઠાવીને વૈરાગ્યનો ઉદ્‌ભવ થવાના હેતુના કાઇક અંશને ઉપયોગી અધીકાર પરત્વે તે સમયાનુસાર જરુરનો હશે પરતુ તે હેતુ ન સચવાતા કેવળ અભિમાન ઉત્પાદક અભેદમાં ભેદદર્શક ને ઇશ્વરી લીલા તીરોદીત કરનારા દેવ દેવીઓ બ્રહ્મા, રૂદ્ર, વિશ્નુ એ સર્વે વસ્તુત જનથી કરી બીચારા પ્રભુ અશરૂપ જગતને ખોટુ કરી પ્રચ્છન નિરિશ્વરી વાદ ઉદ્દભવ્યો તેથી કેટલાક આચાર્યો શકરાચાર્યને પ્ર-ચ્છન બધુરૂપે કેહે છે. આ સ્થિતિ જગતમા થવાથી કેવળ નાસ્તી-કતા આચાર, ભ્રષ્ટતા, કર્મઉપાસના ગાનનો લોપ થયેલો જોઇ ભગવાન્ વિષ્નુએ શ્રી રામાનુજનો અવતાર ધરી કર્મજ્ઞાનને ભકિતનો ઉપદેશ કરી જગત જીવ ઇશ્વર એ સત્ય છે કહી શારીર પરીણામ વાદ માની વિશીતાધ્વૈત સીદ્ધાંત સ્થાપ્યો તેમાં કેવળ પોતાને માટે પ્રભુની ભકિત કરવી ને જન્મ—મરણનો ફેરો ટળી જઈ માયાના બધનમા પડેલા જીવની મુકિત થવી ને વૈકુંઠમા પ્રભુના લોકમા તેમના જેવા સ્વરૂપથી રહેવુ માત્ર શ્રી વત્સાદિ લાછન ને કૌસ્તુ-ભમણી નહિ પછી મધ્વની બારકાદિ થયા તેમણે ધ્વૈત ધ્વૈતા

દ્વૈત માની જીવની મુક્તી માટે પ્રભુની ભક્તી કરવી, માયાથી છુટવું એજ જીવનું કર્તવ્ય માન્યુ ઇશ્વર ને જીવ બન્ને જુદા છે તે એક થતા નથી માયાના પાસથી છુટવું એજ જીવનો મોક્ષ જાણ્યો આગળ કંઇ કર્તવ્ય નથી એ રીતે જાણે વૈષ્ણવી સંપ્રદાયના છતાં સાલોક સારૂપ્ય મુક્તિમાજ વિરમ્યા ઉપરોક્ત સર્વે ભક્તિથી ને શુદ્ધ બ્રહ્મના સ્વરૂપ જ્ઞાનથી સાલોક સારુપ્યને ભગવદ ધામ અક્ષર સુધી જીવોની પ્રાપ્તી થઇ પરંતુ ભ્રમજ્ઞાનથી તો નહિજ તેતો જડ અને આસુરોપ્રવાહમાં તણાતાજ સમજવા શ્રીમદ્ ભગવદ ગીતામાં આસુરી દૈવીના લક્ષણ દર્શાવેલાં છે તેમાં—

અસત્યં પ્રતિષ્ટતે જગદાહુ રનિશ્વરમ્ વિગેરે માનનારાની તો આસુરીમાજ ગણતી છે તેને વાસ્તે તો મોક્ષ કે સુખ–સ્થાન છેજ નહિ.

આવી જગતમાં સ્વાર્થ પરાયણ સ્થિતિની વૃદ્ધી થતી જોઇને તથા આધિ દૈવીક સૃષ્ટિની ને આધ દૈવીક પોતાના રસાનંદ સ્વરૂપની તદન અજ્ઞાનતા દર્શીને તથા દૈવી જીવો ઘણા કાળથી પોતાનાથી વછુટેલાની દયા ઉપજવાથી થતો વિરહાજીની મુખાર્વિંદમાંથી પ્રગટ થતાં સ્વરૂપ રૂપે નીરખતા આજ્ઞા કરી કે દૈવી જીવોનોનીજ લીલામા લાવવા શ્રી ભાગવત્ શ્રુતિનો યથાર્થ અર્થ પ્રકાશ કરવાને શ્રૌતમાર્ગ સ્થાપવાને શુદ્ધાદ્વૈત સિદ્ધાત પ્રગટ કરવાન જેનુ હું ભજન કરૂ તેવુ માત્ર મારા સુખમાજ ને મારામાજ સર્વસ્વ અર્પણ કરનારાને મારે માટેજ કેવળ પ્રેમભક્તીથી જીવન શાર્થક કરનારા એવા ભક્તોની પ્રેમભક્તિ પ્રગટ કરવા ભૂતળમાં દ્વિજરૂપે પ્રગટ થઇ શ્રુતિસ્મૃતિ ગીતા ભાગવતાદિ પુરાણોના સારરૂપે નિ:સાધન પુષ્ટિમાર્ગ પ્રગટ કરી મારી આધિ દૈવીક

શ્રૃષ્ટીની લીલા ને મારા લીલા સ્વશ્વરૂપના જ્ઞાનને પ્રેમભક્તીનો પ્રકાશ કરો જે અત્યાર સુધીમાં ગુપ્તજ રહેલું છે એ આજ્ઞા થતા પોતે દ્વિજશ્વરૂપે તૈલંગકુળમાં અગ્નિહોત્ર શતસોમયાજીના પવિત્ર કુળમાં શ્રી લક્ષ્મણભટજી જે શેષસાઇનો અવતાર હતા તેમને ત્યાં શ્રી વલ્લભાચાર્યશ્વરૂપે પ્રગટ થયા. સાધારણ રીતે જે પરમાર્થ વૃત્તિથા લૌકીક વૈદીક કાર્યો કરે છે તેની છાપ જન સમાજપર કેવી પડે છે તેના પડને પણ કેટલો આનંદ ઉદ્દભવે છે છતાં તેને પોતાને મોક્ષ ઇચ્છાથી પ્રેમતત્વનો ઉપજીવન થવાથી સ્વાર્થના બીજનો નાશ ન થવાથી કર્મજ્ઞાન સર્વેમા કર્તાપણાનો અભિમાન રહેવાથી આધિ દૈવીક પ્રભુના દર્શનની ઝાખી ન થતા કેવળ હું પોતે બ્રહ્મ છઊ વા મને જન્મ મણના ફેરામાથી ટાળી વૈકુઠની પ્રાપ્તી કરાવે એટલેથીજ તેને અતીમ પદ દેખાય છે ને પછી આગળ તને કઇ કરવાનુ જ્ઞાનજ થતુ નથી. તો પ્રભુપર પ્રેમ-ભક્તીની વાતો સ્વપ્નમાં પણ આશા શાની હોય ? મર્યાદા માર્ગમાં કેવળ પ્રભુના માહાત્મ જ્ઞાનથી સસારીક દુખોની નિવૃતિ માટે કેવળ વૈદ.ક તાત્રીક મંત્રોથી કેવળ સ્વાર્થ પરાયણ વૃતિથી આ ધ્યાત્મીક સ્વરૂપ વૈકુઠવાસી શંખ ચક્ર ગદા પદ્મધારી શ્રીવિષ્નુભગ-વાનની ઉપાસના કરી સાર્થક થાય છે બીલકુલ તેમાં સ્નેહભાવ બાળભાવ વાત્સલ્ય ભાવ કે પ્રિયપ્રિયાનો ભાવ હૃદયમાં ઉત્પન થતોજ નથી એટલે ગ્રીષ્મરૂતુમાં જરીયાન કીનખાબ ને રેશમી વસ્ત્રો ધરાવવામા ને શીતકાળમા શીતાદકથી સ્નાન કરાવવામા તેમન કંઇપણ વિચાર થતો નથી ને કહે છે કે તેમને તડકો કે ટાઢ હોય નહી એતો મહાન્ સામર્થવાળાને કંઇ દુખ સુખ હોય નહી ત્ર આપણે તેમની ઉપાસના વૈદી કર્મભોગ કરવી કે જેથી આપણાં દુખ કાપે ને મોક્ષ આપે તેમને માટે આપણે કશ

કરવાનુ છેજ નહી માટે આપણે માટે કર્મજ્ઞાન ઉપાસના કરવાની છે કહો કેટલાબધ. સ્વાર્થ પરાયણતા સ્નેહનો છાટો પણ તેમાં દેખાય છે ? લૌકીકમાં પણ જે કાર્ય આપણે ભયથી કે લોભથી આધીન થઈ જે દાસત્વ કરીયે છીયે ને સ્નેહથી જે કાર્ય કરી કરીયે છીયે તેમા કેટલોબધો તફાવત છે સ્નેહથી જે કાર્ય થાય છે તે હૃદયના ભાવથી થાય છે તે એક વેઠીઆવાડ જેવું કાર્ય થાય છે તો પછી તેમાં હૃદયમાં ભાવ કયાંથી ઉત્પન્ન થાય ને ભાવ વિના ભગવાન વશ શી રીતે થાય જે વશ થયા વીના ભગવાન્ આપણને શી રીતે વરે ને પ્રસન્ન થાય ને આપણને કેવી રીતે ભજે અર્થાત્ શ્રી વલ્લભાચાર્યના પ્રાગટય થતાં પુર્વે અત્યાર સુધી જે જે સંપ્રદાયોના આચાર્યોએ જે જે કાર્યો કર્યા છે તે તમામ કાર્યનું અતીમ 'સ્થાન સ્વર્ગ વૈકુઠને છેવટે અક્ષરધામમાં લીન થવું એ ઉપરાંત કઈપણ કરવાનુ છેજ નહી એજ ઉપદેશ કરેલો છે પણ અક્ષરધામમાં બીરાજતા શ્રી પુર્ણપુરૂષોતમ રસાનંદ પ્રેમી સ્વરૂપને તેમની રસાવિષ લીલાઓની ઝાખી તેમને પોતાને નહી તો પછી ભુતળમાં તે પ્રભુની લીલા કયાંથી પ્રકાશ કરી શકે સાક્ષાત્ વેદ શ્રુતિઓ શ્રી આધ્યાત્મીક શ્રો નારાયણ સ્વરૂપની શ્વાસારૂપ હોવા છતા કર્મ જ્ઞાન ઉપાસનાના ત્રિકારોથી આધિદૈવીક સ્વરૂપનુ જ્ઞાન છતા દર્શન ન થવાથી જે અક્ષર ધામની સ્તુતિ કરતી વખતે નેતિ નેતિ કહીને કે જે અમોએ પુર્વકાળમા જે પ્રભુના અધીદૈવીક સ્વરૂપને તેમની લીલાસ્થ ભકતમંડળી દર્શન કર્યું છે કે તે આ નહી આ નહી કહી વિરહભાવ ઉદભવતા આધીદૈવીક લીલાસ્થ પ્રભુ દર્શન થતાં બીન્નાનંદ રસનુ પાન કરવા લીલામાં લેવાને વિનંતિ કરી ત્યારે કહ્યુ કે તમારો તેટલોબધે

અધીકાર નથી છતાં મારા દર્શનના પ્રભાવથી જ્યારે હું સારસ્વત કલ્પમાં મારી નીજલીલા ભુતલપર પ્રાગટ્ય કરીશ ત્યારે તમે ત્યાં અવતાર લેજો એટલે તમને ભજનાનંદનુ દાન કરીશ ને પ્રેમપિયુષ ઉપાન કરાવીશ જ્યાં શ્રુતિઓની આગતીલો બીચારા અંશકળા દેવાદિના અવતાર આચાર્યોનુ શુ ગજુ ? જ્યાં સુધી અહંતા મમતાના બંધનમાથી જીવ છુટે નહીં ત્યાં સુધી તેના હૃદયમા દીનતા ભાવ ઉત્પન થાય નહી ને દીનતા ભાવ ઉત્પન થાય નહી ત્યાં સુધી હૃદય કોમળ થાય નહી જ્યા સુધી હૃદય કોમળ થાય નહી ત્યા સુધી ભકિતભાવ ઉત્પન્ન થાય નહી ને તે ભક્તિ ઉત્પન થાય તો પછી નવધા ભકતીની પ્રાપ્તી થયા સીવાય પ્રેમ ઉત્પન થાય નહી ને પ્રેમ ઉત્પન ન થાય તો પછી વ્યસન આસકતી ને મુર્છતા મર્ણપ્રાય પણ મર્ણ નહી તે વીફળરૂપ ભકતી થાય નહી તે માટે હું મનુષ્ય છુ હુ બ્રાહ્મણ છુ વીગરે હુંપણાનો અભિમાન શ્રી વલ્લભાચાર્યજીએ નામ મંત્રનુ વૈષ્ણવાને દાન કરીને કેવળ શ્રીકૃષ્ણજ મારા સરણ સ્થાન છે હુ શ્રી કૃષ્ણનો છુ તેથી કરીને નષ્ટ કર્યો ને આ મારૂં પેલુ મારૂ વિગરે સર્વે પદાર્થોમા મારાપણાની આ-સકતી હતી ને અર્પણ મંત્ર એટલે બ્રહ્મ સબંધ કરાવી મારૂ જે જે છે તે હુ આત્માની સામે પ્રભુને અર્પણ કરૂ છુ ને કેવળ પ્રભુનો દાસ છુ એ રીતે અહંતા મમતાનો ત્યાગ કરાવી જીવનો ધર્મ કેવળ પ્રભુ સરણનોજ છે ને તેને માટે ખાનપાન વગરે સર્વે પદાર્થો જે જે છે તે સર્વ તેનાજ છે આપણે વાસ્તે કંઈપણ કરવાનુ નથી તેથી બ્રહ્મ સબંધ થતાજ પ્રભુ સ્વરૂપ પધરાવી ઘર એ પ્રભુનુ મંદીર માની તનુજાવિત્તની સેવા કરીને પછીથી માનસી સેવા પ્રાપ્ત થતાં કેવળ વિરહથો ઉત્પન થતાં કલેશાનંદ અનુભવી

કેવળ મયોગમા પ્રભુના ભજનાનદમા મગ્ન થવુ એજ અંતીમ દશા છે પ્રભુ તેની પુઠે ફરે પ્રભુની પુઠે તે ફરે પ્રભુ પ્રભુ ને પ્રભુ સીવાય તેને કોઈ જાતનુ ભાન રહેજ નહી અત્રે પણ પ્રભુ માટે એવાને ત્યા પણ પ્રભુ માટે સેવા અર્થાત્ સેવા ફળ સેવા સેવા ને સેવાજ સીવાય બીજી હોઇ શકે નહી આચાર વિચાર ને વર્ણ ધર્મના સ્વીકારથી સનાતન ધર્મના બીજને પણ ઉછેરી આ જગતમાજ ગોલોકાદિ મુજબ મદીરમા ભોગવી પછી ત્યાં પણ તેજ ભોગવવાનુ છે કોઇનો ત્યાગ કોઇનો તીરસ્કાર કે કોઇનુ દમન કે કોઇને દુખ દેખાતુ છેજ નહી દેહપ્રાણ ઇદ્રિયો ને આત્મા પુત્રપુત્રી વધુ માતાપિતા ભાઇભાંડુ સર્વ પ્રભુ સેવામાજ ઉપયોગી માની સર્વેને કૃતાર્થ કરી સર્વેની સાથે પોતે કૃતાર્થ થઇ પ્રભુપ્રેમમા મગ્ન થાય છે કેવળ પોતાના આત્માને માટે દેહ ઈદ્રીયો પ્રાણ સર્વેને દમન કરી સર્વનો ત્યાગ કરી પુત્રાદ્વારા ગૃહભાડુનો ત્યાગ કરી પોતેજ જલમા જલરૂપે થઇ જવુ એવો સ્વાર્થિય મોક્ષને તે પણ મોક્ષથીજ ભજનાનદના આનદની તો પ્રાપ્તીજ નહી એક માણુસ જન્મ સુધી નિર્ધન ને દેવાદાર સ્થિતિમા દુખમા સડેલો ને ડુબી ગયેલો હોય તેને મરણાવસ્થાએ કાનમા તેના પુત્ર કેશનાએ કહ્યુ કે તમે તમામ દેવામાંથી હવે છુટા થયા છો ગભરાઓ નહી સાભળી હાશ કહીને મર્ણ પામે તેમા તેને ધનના સુખની શી પ્રાપ્તી થઇ તેમા શક્ષાત્ આધિદૈવીક નિધિસ્વરૂપની ઠાકોરજીના શેવાની પ્રાપ્તી જેમાંથી ન થઇ ત્યાં સુધી આત્મા તેમના ધામમા ભગી જવાથી સ્વરૂપાનદનો ને ભજનાનદનો લાભ તેને કયાથી મળી શકે

ભાગ્યવાન્ ભગવદીયો શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટય થવાના

ટુકામાં ઉપરોક્ત કારણો બતા યા છે પણ તે અવિસ્તર વિવેચનને માટેનો ખાસ એક ગ્રંથ જુદો કોઇ અનુભવથી લખાય તો પણ પાર આવે નહી તો અલ્પ સમયના ભાષણમા હુ કેટલુ કહી શકે આટલુ બોલી બેસવાની આજ્ઞા માગુ છુ.

ત્યાર બાદ સાંપ્રદાયિક સંવાદ સાંકળચંદ મગનલાલનો બનાવેલો હરિદાસ ધર્મદાસ નિતિલાલ અર્થદાસ ને જુઠાલાલના પાત્રોએ નિચે પ્રમાણે ભજવી બતાવ્યો હતો.

ત્યાર બાદ શા. મોહનલાલ નરોતમદાસ બી. એ તથા શા મોહનલાલ લલુભાઈ તથા શાસ્ત્રી મોહનલાલ કાશીરામે સાંપ્રદાયિક ભાષણો અસરકારક કર્યા હતા ત્યાર બાદ પ્રકાશકે આપેલ ભાષણ.

ત્યાર બાદ રા રા સરદાર દેસાઈજી પુરષોતમદાસ વિહારીદાસ પ્રમુખે આવા સાંપ્રદાયિક મેળાવડા જેમ બને તેમ વધારે થવાની જરૂર છે ને મને સુચના થઇ છે તે મુજબ એક સાંપ્રદાયિક સભા સ્થપાઇ દર મહીને ધાર્મિક કેળવણી પર ભાષણો થવાની જરૂર છે ને મને આનંદ થાય છે કે સાંપ્રદાયિક છોકરાઓ ૧૫૦—૧૭૫ ની સખ્યા શાસ્ત્રીજી પાસે દર શની ને રવીવારે ધાર્મિક સાંપ્રદાયિક શીક્ષણ લેવા આવે છે પરંતુ તેમને સ્કુલ ને નીતિ કેળવણી ને સાંપ્રદાયિક એવી રીતે તેવડો અભ્યાસ કરવાથી શારીરીકને માનસીક શક્તી તેમની નબળી પડી જાય ને અઠવાડીયામા છ દીવસો અન્ય શાસ્ત્રર્ગિતાથી કરી મળેલા લાભને બોપાણ ન થતા વારે વારે નષ્ટપ્રાય થવાના સભવથી ગ સ્નાનવત થાય છે તેથી સ વાદમા ધર્મદાસ નામના પાત્રની સુચના પ્રમાણે

ગુજરાતિથી તે ઈંગ્લીશ હાઇસ્કુલ સુધીનો અભ્યાસ સામ્પ્રદાયિક હાઇસ્કુલથી થાય ને ગુજરાતી ઈંગ્લીશ સરકારી ધોરણપર રાખી સેકન્ડ લેંગવેઝ (બીજી ભાષા) તરીકે સંસ્કૃત ફરજીયાતતરીકે રાખી સામ્પ્રદાયિક ધાર્મિક પુસ્તકો શીક્ષણ અપાય તો ઘણોજ લાભ થાય ને શરૂઆતથી બાળકોને તેવી છાપ પડવાથી આચાર વીચારથી ભ્રષ્ટતા કે નાસ્તીકતાના ક્રુરતા અહંતા ને સ્વચ્છંદતાના દોષોમા પડવાનો સંભવજ રહે નહી તેથી નીતિનિતિ નયનેહ શ્રદ્ધા ભકિત દયા સ્નેહની વૃદ્ધી થાય આલોક ને પરલોકમા કેવળ આનંદરૂપજ જીવન ભોગવાય કિંબહુના ? એમ વિશેષ શોભાની અન્યના હાથ માટે તે થવાની ખાસ જરૂર છે.

પશ્ચાત્ કિર્તનીઆ રા. ચિમનલાલે તથા રા. ફુલચંદ ઝવેરદાસ માસ્તર તબુરા, હારમોનિયમથી જન્મોત્સવની વધાઇઓનો સંગીતશાસ્ત્રો પ્રમાણે આનંદનો લાભ આપ્યો હતો

ત્યારબાદ પ્રકાશકે અધ્યક્ષ સાહેબનો ઉપકાર માનતા જણાવ્યુ કે આપણા ગામના સુપ્રસિદ્ધ દેસાઇજી સરદાર પુરૂષોતમદાસ વિહારીદાસે પોતાની હૃદયભકિતથી આવા ધાર્મિક મેળાવડામા અધ્યક્ષસ્થાન સ્વીકારી જે આપણને ઉપકૃત કર્યા છે તેથી આપણે સર્વે તેમનો આભાર માનવો જોઇયે કે જે વખતે આવા પ્રતિષ્ઠીતા લૌકીક માનમઝાના આનંદમા મગ્ન રહેનાર આ તરફ દષ્ટી પણ કરી શકે નહિ તો તેમને હૃદયની જે આપણને સુચનાઓનો બોધ કર્યો છે તે સર્વેને ગ્રાહ્ય છે ને દરેક આવા મોહોટા મેળાવડામા તેઓ પધારીને આપણને ઉપકાર કરશે જેમને માટે મારા ઉરમા જે આનંદથી ભકિતભાવ પ્રગટ થાયછે તેથી કરી કહુંછુ કે—

દોહરો.

પુરૂષ મહી ઉત્તમ સદા, કુળ ગુણથી જે હમેશ,
નામ શાર્પ ચારિત્રથી, ઉરમા રમે રમેશ. ૧

પશ્ચાત્ અધ્યક્ષ સાહેબે સભાના ગોવરધનનાથકી જેના હર્ષનાદથી બરખાસ્ત કરી હતી.

આ વખતે સભામા મને એક અપુર્વ આનદની વાર્તા જોવાથી લખ્યા વિના રેહેવાતુ નથી કે અન્ય સભાઓમા ચિતાકર્ષક શબ્દોથી પાશ્ચાત્ય અનુકરણીય તાલીયોથી માન આપવામા આવે છે વસ્તુત આપણા પોર્વાદ્યોમા તો જેની મશ્કરી થાય ને અપમાન થાય તેની તલી પડી કહેવાય છે તો તે વાત આ સભાએ સપુર્ણ લક્ષમા રાખી આવા ધાર્મિક મેળાવડામા વિપરિત અર્થની તાળીઓ ન પાડતા દરેક ચિતાકર્ષક શબ્દોને શ્રી ગોરધનનાથજીની જયનો હર્ષધ્વની ગજાવવામા આવતા હતો જેમને માટે આપણા રા સાકળીચદ મગનલાલે સમયસુચકતા વાપરી સુચના કરો હતી તેનો આ સ્થળે આભાર માનવા ચુકતો નથી.

ખેડા મૂકામે આપેલું ભાષણ.

પ્રકાશકના આળસથી થતી હાની વિષે ઉદ્ગાર

આ શુભ પ્રસગે કઇક બોલવાનુ મન થઇ આવે છે, આપણને બધાને આ જગાએ એકઠા મળવાનો પ્રસગ આવ્યો તે કેળવણીના પ્રતાપેજ એકઠા મળવાથી ફક્ત પાસ થનારને ઇનામ આપી ઉત્તેજન અપાય છે એટલોજ લાભ છે એમ નહિ પણ

તેથી અનેક જાતના ફાયદા છે જે ભાઇઓને આપણને મળવાનો સંભવ ન હોય તેઓને આ બહાને મળી શકાય, વાતચીત કરવાનો લાભ મળે, ઓળખાણ થાય, એકબીજાના વીચારોથી તથા રીવાજોથી માહીતગાર થવાય તેમજ આવી રીતે પ્રસંગોપાત મળવાથી ઐકયતા વધે જેની અવશ્ય આવા પરમાર્થ કાર્યમાં જરૂર છે.

કેળવણીની એકે કાર્યમાં જરૂર નથી એમ નથી મતલબ દરેક કાર્યમા તેની જરૂર પડે છે ને તેની પ્રસાદીવડે વીનય, કુશળતા, પ્રતિષ્ટા વિગેરે પ્રાપ્ત થાય છે. જ્યારે સઘળો આધાર કેળવણી ઉપરજ છે તો આપણે તેને પ્રથમ તેની વૃદ્ધિને માટે યત્ન કરવો જોઇએ, આને વાસ્તે મૂખ્ય રસ્તો એ છે કે માતાઓ તથા પીતાઓ કેળવણી પામેલા હોવા જોઇએ, એ હાલને વાસ્તે જેઓ કેળવણી પામેલા નથી તેમને વાસ્તે તો દીલગીર છીએ પરંતુ ભવીષ્યને માટે તેમ ન થાય તેની સંભાળ રાખવી જોઇએ. તો તેને વાસ્તે સ્હેલામા સહેલો ઉપાય એ છે જે બાળલગ્ન થતા અટકવા જોઇએ આ બાળલગ્ન અટકાવવાં તે એક જણના હાથમા નથી, જુદી જુદી નાતોના આગેવાનો તેમજ મહાજન વિગેરેના શેઠીઆઓના હાથમા છે જો આ લોકો તનમનથી ઇચ્છે તો આ વાત થવી બીલકુલ મુશ્કેલ નથી, તે લોકો બીજી બાબતો સપાટાબંધ પાર પાડે છે ને ધારે છે તે પ્રમાણે કરે છે તો આ બાબત જેમાં ભવીષ્યનું હીત રહેલુ છે તે ધ્યાનમા લેવી જોઇએ આ વખતે વડોદરાના મહાજને કરેલા ઠરાવો જણાવવાની રજા લઉ છુ. તેમના ઠરાવો ગમે તેવા છે તોપણ સુધારાના હેતુથી કરેલા છે ને આ રીતે જે સુધારો કરવાને મહાજન એકઠુ મળ્યુ તે સ્તુતિપાત્રછે એમાં શક નથી. વડોદરાના મહાજને એમ ઠરાવ

કર્યો છે કે તેમાંના કોઇએ દીકરાનુ લગ્ન ખાસ પરવાનગી સિવાય દસ વરસની ઉમરની અંદર કરવુ નહિ ને વરની ઉમર કન્યાની ઉમર કરતા કંઈક વધારે હોવી જોઇએ. અલબત કહેવત છે કે ન મામા કરતાં કહેવાનો મામો હોય તે સારો તે કહેવત પ્રમાણે કજોડા કરતાં વડોદરા મહાજનના ઠરાવો પસંદ કરવા જેવા ગણાય વડોદરા મહાજનના ઠરાવો સુધારો કરવાના હેતુથી કર્યો છે તે સ્તુતિપાત્ર છે કેમકે આવી રીતનો સુધારો કરવા માટે તેઓ પહેલવહેલા એકત્ર થયા, એમ કહીએ તો ચાલે ને બતાવી આપ્યુ કે લગ્ન સબંધી જેનાપર ચાલુ છે તેમાં વાંધા છે ને તેની અંદર યોગ્ય ફેરફાર કરવાની જરૂર છે.

હવે આપણે આપણી મૂળ વાત બાળલગ્ન અટકાવવા તે વિષે નજર કરી વીચારીએ કન્યાની ઉમર લગ્નને માટે ઠરાવવા કરતા વરની ઉમર ઠરાવવી એ વધારે ઉત્તમ છે ને વરની ઉમર વીવાહ કરતી વખતે ઓછામાં ઓછી તેર અગર પંદર વરસની (જેમ અનુકૂળ પડે તેમ) હોવી જોઇએ. બનતા સુધી વરની ઉમર ૧૫ વરસ ઠરાવેલી હોય તો વધારે યોગ્ય છે કેમકે તેમ કરવાથી નીચે પ્રમાણે ફાયદા જણાય છે.

૧ મારો એવો વીચાર નથી કે આપણા શાસ્ત્રને લગારે બાધ આવે એવુ કાર્ય કરવુ બેશક શાસ્ત્રને અનુસરી વર્તવુ જોઇએ શાસ્ત્ર પ્રમાણે ઘણુ કરી અગીઆર વરસની કન્યા થાય એટલે પરણાવવી જોઇએ ત્યારે વધારેમા વધારે કોઇ માણસ પોતાની દીકરી પરણાવ્યા વગર અગીઆર વરસની ઉમરવાળી થાય ત્યાસુધી રાખી શકે મતલબ તે પરણાવે ત્યારે વરની ઉમર પંદર વરસ કરતા કંઈક વધારે હોય એટલે ટુકામાં કજોડાનો નાશ થાય.

૨ વરની ઉમર વીવાહ કરતી વખતે પંદર વરસ કરતાં ઓછી ન હોવી જોઇએ એમ ઠરાવવામાં આવે ત્યારે વરના શરીરનો બાંધો કેવો છે, તેની ચાલચલગત, ચાલાકી, તથા તન્દુરસ્તી વીગેરે ચોખ્ખી રીતે માલૂમ પડી આવે.

૩ ઘણુ કરીને છોકરા દસ વરસની અંદર જેટલા મરી જાય છે તેટલા પછીથી મરી જતાં નથી એકલે કન્યાને રાંડવાનો સંભવ થોડો રહે.

૪ વર નીરવીઘ્ને પોતાનો અભ્યાસ કરી શકે.

૫ દેશી રીવાજ પ્રમાણે સાસુ વહુને તેમજ નણંદ ભોજાઇને લઢવાડ થતી અટકે.

૬ અનીતી થતી અટકે

૭ વરનો પોતાની સ્ત્રી ઉપર દાબ રહે જેની ઘણી જરૂર છે

૮ વરકન્યાનુ શરીર તંદુરસ્ત રહે ને તેમની પ્રજા મજબુત ને સારી થાય કેમકે હાલ આપણે જુવાનીમા તૂટી ગયેલા ઘણાને જોઇએ છીએ.

૯ સ્મૃદ્ધી વધે.

૧૦ આયુષ્ય વધે.

૧૧ કુટુંબને, નાતને, ગામને તથા દેશને આબાદી થાય.

૧૨ પોતાની સતતીને સારી રીતે કેળવી શકે કેમકે નાનપણુમા રળવાની શકતી ન હોય તેમજ માબાપ આગળ નાની વયમાં છુટથી કેટલીક બાબતમા બોલવાની હીંમત ચાલે નહિ

૧૩ કન્યાનો તોટો મટી જાય એટલે હાલ જે વાઢા રહે છે તે પ્રમાણે રહેવાનો વખત ન આવે ને છત કન્યાની થાય.

આ શીવાય ઘણા ફાયદા માલમ પડશે માટે વીચારો કે કયો રસ્તો લેવાથી ફાયદો છે ? વરની ઉમર, નકી કરવામાં વધારે ફાયદો છે એમ ખાત્રી થયા શીવાય રહેશે નહી. મારો એવો કોઇ પણ પ્રકારનો આગ્રહ નથી કે આમજ કરવુ જોઇએ એમ કરવામા ગેરફાયદા હોય તો દર્શાવવા જોઇએ એટલુજ નહી પણ વીદ્વાન અને અનુભવી માણસોનો મેળાવડો કરી અગર તેમના અભીપ્રાયો મંગાવી કયો રસ્તો લેવાથી ભવીષ્યમાં ફાયદા છે. તેનો નીર્ણય કરવો જોઇએ કેમ કે જયારે સુધારો કરવો ત્યારે સપૂર્ણ રીતે વીચાર કરી સારાજ ઠરાવો કરવા જોઇએ કે પછીથી તેમા વીઘ્ન આવવાનો સંભવ રહે નહી. આટલુજ કહી હુ આપનો વધારે અમુલ્ય વખત રોકવા વધારે માગતો નથી. ફક્ત એટલુંજ ઇચ્છુછુ કે આ બાબતને પુરતું ધ્યાન આપી બાળલગ્ન અટકાવવા ઘટતો પ્રયાસ કરશો.

શરૂઆતમાં કંઇક નવુ દાખલ કરવુ હોય છે ત્યારે બહુ મુશીબતો નડે છે પરંતુ ખરા અને આગ્રહી માણસો તેની દરકાર કર્યા વગર પોતાનુ કામ બેધડક ચલાવ્યા જાય છે. ને અતે જય મેળવે છે.

આમા કંઇ દોષ હોય તો ક્ષમા કરશો એટલી વીનતી કરી બેશી જવાની રજા લઉ છુ.

ડાક્તરનું

अमृतबिंदु

અનેક રોગો ઉપર ઘણીજ ફતેહમંદી સાથે ચાલતી પ્રજાપ્રિય અકસીર દવા.

રજીસ્ટર્ડ નં. ૮૫૧-૧૦ જોઇને લેજો.

વિલાયતી દવાની બધી ભુકી